# ચરોતર એજ્યુકેશન સોસાયટી
## એમ.બી. પટેલ સાયન્સ કોલેજ,
**આણંદ – ૩૮૮૦૦૧, તા. જિ. – આણંદ**

ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત નીચેની ગ્રાન્ટ-ઇન-એડ સંસ્થાને (બિનસરકારી અનુદાનિત કોલેજ) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ગાંધીનગર તા. ૧૭/૦૭/૨૦૨૫ અને ૨૭/૦૭/૨૦૨૬ ના પત્રથી વર્ગ-૩ ની (ફક્ત દિવ્યાંગ ઉમેદવાર માટે) નીચેની સંસ્થામાં સીધી ભરતી માટે એન.ઓ.સી અન્વયે નીચે મુજબની જગ્યા અને આપેલ કેટેગરી મુજબ પાંચ વર્ષના ફિક્સ પગારથી ભરવાની થાય છે. જેના માટે અરજીપત્રકો મંગાવવામાં આવે છે.

**(૧) જગ્યાની વિગત**

| ક્રમ | કોલેજનું નામ તથા એન.ઓ.સી પત્ર ક્રમાંક તથા તારીખ | મંજુર કરેલ જગ્યાનું નામ | કુલ ખાલી જગ્યા | કેટેગરી | પગાર ધોરણ |
|---|---|---|---|---|---|
| | **એમ.બી. પટેલ સાયન્સ કોલેજ**<br>(૧) ક્રમાંક: કવટ/isc3/ NOC/ ૨૧૪૯૨-૯૪ તા. ૧૭/૦૭/૨૦૨૫<br>(૨) ક્રમાંક: કવટ/isc3/ NOC/મુ. વધારો/૯૨૭૮ તા. ૨૭/૦૭/૨૦૨૬<br>(https://www.mbpatelscience.ac.in) | જુનિયર કલાર્ક | ૦૧ | દિવ્યાંગ (સામાન્ય દિવ્યાંગ ઉમેદવારો) (PH - General) | સરકારશ્રીના ધારા ધોરણ મુજબ રૂ. ૨૬૦૦૦/- પાંચ વર્ષ માટે ફિક્સ |

**(૨) જુનિયર કલાર્ક (દિવ્યાંગ) માટેની અગત્યની સૂચનાઓ**

- માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક પાસ કરેલ હોવા જોઈએ.
- ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેના કોમ્પ્યુટર ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવા જોઈએ
- ઉમેદવાર અંગ્રેજી, ગુજરાતી અથવા હિન્દી અથવા ત્રણેય ભાષાઓનું પુરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.
- રાજ્ય સરકારના નિયમો મુજબ વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે.
- એન.ઓ.સીની શરત મુજબ આ જગ્યા પાંચ વર્ષ માટે ફિક્સ પગારની રહેશે. પાંચ વર્ષ પૂર્ણ થયે કામગીરીની સમીક્ષા કર્યા બાદ યોગ્ય જણાયેથી મંજુર થયેલ લઘુતમ પગાર ધોરણમાં સરકારના નિયમાનુસાર નિમણુંક આપવામાં આવશે.
- પ્રથમ પાંચ વર્ષ દરમિયાન કોઇ ભથ્થાં તેમજ તેના આનુંસંગિક કે અન્ય લાભ મળવાપાત્ર રહેશે નહિ.
- હાલમાં નોકરી કરતા ઉમેદવારોએ પોતાના સંસ્થાના વડા મારફતે એન.ઓ.સી પ્રમાણપત્ર સાથે અરજી કરવાની રહેશે.

- નિમણુંક પામનાર ઉમેદવારને ઉપર દર્શાવ્યા મુજબ તારીખ – ૧૭/૦૭/૨૦૨૫ અને ૨૭/૦૭/૨૦૨૬ થી મળેલ એન.ઓ.સી ની તમામ શરતો બંધનકર્તા રહેશે.
- અધુરી વિગત વાળી કે આધારો વગરની અરજીઓ તેમજ નિયત સમય મર્યાદા બાદ આવેલ અરજીઓ આપો આપ રદ ગણાશે. તેમજ ફી વગર મોકલેલ અરજી પણ રદ કરવામાં આવશે.
- સદર ભરતી પ્રક્રિયા અન્વયે રાજ્ય સરકારશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, સામાન્ય વહીવટ વિભાગ તથા નાણાં વિભાગના ભરતીના નિયમો અને લાયકાતના ધોરણો મુજબ કરવામાં આવશે.
- ઉમેદવારોએ જે જગ્યા માટે અને જે કોલેજ માટે અરજી કરેલ હોય તે જગ્યાનું અને કોલેજનું નામ કવર ઉપર સ્પષ્ટ લખવાનું રહેશે.
- ઉપરોક્ત વેબસાઈટ દ્વારા ભરતી પ્રક્રિયા અંગેની અગામી માહિતી પૂરી પાડવામાં આવેશે જેથી અવારનવાર ઉમેદવારોએ વેબસાઈટ જોતા રહેવું.
- NOC માં દર્શાવેલ તમામ શરતો નિમણુંક પામનાર ઉમેદવારને બંધનકર્તા રહેશે.
- ઉમેદવાર સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક: સી.આર.આર/૧૦૨૦૦/જીઓઆર/ગ-૨ ના ઠરવાની જોગવાઈ મુજબ દિવ્યાંગતાની ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતની ટકાવારી ધરાવતા હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ ધરાવતા હશે, તો જ દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે. શારીરિક અશક્તતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨ અને ત્યારબાદ સરકારશ્રીના વખતો વખતના સુધારા પરિપત્રથી નિયત થયેલા નમુનામાં સરકારી હોસ્પિટલના સુપરીન્ટેન્ડન્ટ/સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. તબીબી પ્રમાણપત્રને આધીન રહીને ઉપલી વય મર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે (મહતમ ૪૫ વર્ષની મર્યાદામાં)
- ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. ૦૩/૦૬/૨૦૨૪ ના ઠરાવ ક્રમાંક: પરચ/૧૫૨૦૨૪/CHE-૩૩/ખ મુજબ નક્કી કરાયેલ બેન્ચમાર્ક ડીસેબીલીટી ધરાવતા ઉમેદવારોની જ પસંદગી કરવાની રહેશે.

| | |
|---|---|
| (A) | B – (Blind) અંધ, LV – (Low Vision) ઓછી દ્રષ્ટી |
| (B) | D – (Deaf) બધિર, HH – (Hard of Hearing) ઓછું સાંભળનાર |
| (C) | OA – (One Arm) એક હાથ, BA – (Both Arm), બંને હાથ, OL – (One Leg) એક પગ, BL – (Both Leg) એક પગ, OAL – (One Arm and Leg) એક હાથ અને પગ, CP – (Cerebral Palsy) મગજના લકવા સહિતની હલચલનની દિવ્યાંગતા, LC – (Leprosy Cured) રક્તપિત્તમાંથી સાજા થયેલ, , DW – (Dwarfism) વામનતા, AAV – (Acid Attack Victim) એસીડ અટેકનો ભોગ બનેલ, SD – (Spinal Deformity) કરોડરજ્જુની વિકૃતિ, SI – (Spinal Injury) કરોડરજ્જુમાં ઈજા |

| | |
|---|---|
| (D) | ASD(M) – (Autism Spectrum Disorder (Mild)) સ્વલીનતા (મૃદુ), SLD – (Specific Learning Disability) ખાસ વિષય શીખવવાની અક્ષમતા, MI – (Mental illness) બોધ્ધિક દિવ્યાંગતા |
| (E) | MD – (Multiple Disability involving (A) to (D) ખંડ (A) થી (D) હેઠળની એક કરતાં વધારે પ્રકારની દિવ્યાંગતા |

## (૩) રાષ્ટ્રીયતા

- ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ – ૭ ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતો હોવો જોઈએ.

## (૪) વય મર્યાદા

- ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.
- ઉમેદવારની ઉંમર ૨૦ વર્ષથી ઓછી નહિ અને ૪૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ અને ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા વખતો વખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ અનુસાર રહેશે. તેમજ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના નિયમ મુજબ રહેશે.

## (૫) વયમર્યાદામાં છૂટછાટ

- સરકારશ્રી પ્રવર્તમાન નિયમોનુસાર દિવ્યાંગ કેટેગરી ઉમેદવારને ૧૦ વર્ષની મહત્તમ છૂટછાટ (૪૫ વર્ષથી વધુ ન હોય તે રીતે) લાગુ પડશે.

## (૬) કોમ્પ્યુટરની જાણકારી

ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા. ૧૫/૦૩/૨૦૧૬ ના સરકારી ઠરાવ નંબર સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫- થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈ પણ તાલીમી સંસ્થાના પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈ પણ ડીપ્લોમાં/ડીગ્રી કે સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમાં અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇશે. તેમજ આ તબક્કે આવું પ્રમાણપત્ર ન ધરવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણુંક સત્તાધિકારીસક્ષમ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કાર્યનું આવું પ્રમાણપત્ર નિમણુંક મેળવતા પહેલા અચૂક રજુ કરવાનું રહેશે અથવા નિમણુંક મેળવવાને પાત્ર થશે નહિ. તેમજ નિમણુંક સત્તા અધિકારી આવા કિસ્સામાં ઉમેદવારની પસંદગી રદ કરશે.

## (૭) શૈક્ષણિક લાયકાત

ઉમેદવાર ભારતમાં કેન્દ્રિય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થાયાપેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે પૈકી માન્ય થયેલી અન્ય કોઇ પણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશન અધિનિયમ – ૧૯૫૬ ની કલમ – ૩ હેઠળ

ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇ પણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈએ અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈએ.

- ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેના કોમ્પ્યુટર ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવા જોઈએ.
- ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બન્ને ભાષાઓનું પુરતું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

**(૮) પરીક્ષા પદ્ધતિ**

- સંસ્થા દ્વારા નિયત સમય મર્યાદામાં સ્પીડ પોસ્ટ દ્વારા મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી કરીને લાયક ઉમેદવારની રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૨/૦૧/૨૦૨૬ ના જાહેરનામાં ક્રમાંક GS/૨૦૨૬/૦૧/૦૧૨૫/K મુજબ પરીક્ષા લેવામાં આવશે.

**(૯) પ્રારંભિક પરીક્ષા માટેની પધ્ધતિ : સમય (૧૨૦ મિનીટ) (જુનિયર કલાર્ક - દિવ્યાંગ) (ગ્રુપ-B માટે પરીક્ષા)**

પ્રથમ તબક્કાની પરીક્ષા સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૨/૦૧/૨૦૨૬ ના જાહેરનામાં ગ્રુપ – A અને ગ્રુપ - B માટે પ્રકારના MCQ પ્રશ્નો ધરાવતી પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. પ્રથમ પરીક્ષા અંગેની વિગતો આ સાથે સામેલ APPENDIX –F ના ક્રમાંક (૧) મુજબ પરીક્ષાનો અભ્યાક્રમ નીચે મુજબનો રહેશે.

**APPENDIX –F**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | ગુજરાતી (Gujarati) | ૧૫ ગુણ |
| ૨ | અંગ્રેજી (English) | ૧૫ ગુણ |
| ૩ | સામાન્ય જાગૃતિ અને વર્તમાન પ્રવાહ (General Awareness and Current Affairs) | ૩૦ ગુણ |
| ૪ | સંખ્યાત્મક અભિયોગ્યતા(Quantitative Aptitude) | ૩૦ ગુણ |
| ૫ | તાર્કિક (Reasoning) | ૬૦ ગુણ |
| | **કુલ** | **૧૫૦ ગુણ** |

- હેતુલક્ષી (વૈકલ્પિક) પ્રકારની લેખિત કસોટીમાં, બહુવિધ પસંદગી પ્રશ્નો (MCQ) નો સમાવેશ થશે.
- દરેક પ્રશ્ન ૧ (એક) ગુણનો રહેશે.
- અંગ્રેજી વિષય સિવાયના તમામ વિષયો માટે પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે.
- ઉમેદવારે તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.
- ખોટા જવાબ સાથે (પ્રશ્નો) જવાબ આપવાનો પ્રયાસ કરેલ હોય તેવા દરેક પ્રશ્નના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

- દરેક પ્રશ્નમાં પ્રયાસ નહિ કરેલ (NOT ATTEMPTED) નો એક વિકલ્પ રહેશે. ઉમેદવાર જવાબ આપવા માંગતો ના હોય તો તે આ વિકલ્પ પસંદ કરી શકશે. ઉમેદવાર આ વિકલ્પ પંસદ કરે તો નાકારાત્મક ગુણ આપવામાં આવશે નહિ
- અશક્ત (દિવ્યાંગ) વર્ગ સાથે સંબધિત હોય તેવા ઉમેદવારોને લાગુ પાડી શકાય તેમ પ્રશ્નપત્રના દરેક કલાક માટે કલાક દીઠ ૨૦ મિનીટનો વધારાનો સમય આપી શકાશે.
- ઉમેદવારે પ્રશ્નમાં આપેલા વિકલ્પો પૈકીનો કોઇપણ એક વિકલ્પ પસંદ કર્યો ન હોય, તો તેના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.
- પ્રાથમિક કસોટી ફક્ત સ્ક્રીનીંગ ટેસ્ટ માટે છે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહિ.
- પ્રાથમિક પરીક્ષાના અંતે મુખ્ય પરીક્ષા માટે લાયકાત ઠરેલ ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવશે અને મેરીટના આધારે સાત ગણા ઉમેદવારોને બીજા તબબ્કાની મુખ પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.
- મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારો આ જાહેરાત અન્વયેની શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ અન્ય જરૂરી લાયકાત સંતોષે છે તેમ માનીને મુખ્ય પરીક્ષા માટે શરતી પ્રવેશ આપવામાં આવશે.

**(૧૦) મુખ્ય પરીક્ષા માટેની પદ્ધતિ: સમય (૧૨૦ મિનીટ) (જુનિયર કલાર્ક - દિવ્યાંગ) (ગ્રુપ-B માટેની પરીક્ષા)**

પ્રથમ તબક્કાની પરીક્ષા બાદ સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૨/૦૧/૨૦૨૬ ના જાહેરનામાં ગ્રુપ – B માટે પ્રકારના MCQ પ્રશ્નો ધરાવતી પદ્ધતિથી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. મુખ્ય પરીક્ષા અંગેની વિગતો આ સાથે સામેલ APPENDIX –G ના ક્રમાંક (૨) મુજબ પરીક્ષાનો અભ્યાક્રમ નીચે મુજબ રહેશે.

**APPENDIX –G**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | ભારતીય રાજ્ય વ્યવસ્થા અને બંધારણ (Indian State System and Constitution) | ૨૦ |
| ૨ | ભારતીય આર્થિક રાજ્ય અર્થતંત્ર, નીતિ આયોગ (Indian Economy, State Economy, NITI Ayog) | ૨૦ |
| ૩ | જાહેર વહીવટ અને શાસન (Publics Administrative and Governance) | ૨૦ |
| ૪ | જાહેર સેવામાં શિસ્ત અને નીતિમત્તા (Discipline and Ethics in Public Service) | ૧૦ |
| ૫ | વિવિધ સરકારી યોજનાઓ વિશેની માહિતી (Information on various government Schemes) | ૩૦ |
| ૬ | પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહત્વની ઘટનાઓ વર્તમાન પ્રવાહો સહિત ( Regional, National and International Important Events including Current Affairs) | ૩૦ |
| ૭ | ગુજરાતનો ઇતિહાસ અને ભૂગોળ (History and Geography of Gujarat | ૨૦ |
| ૮ | ગુજરાતનો સાંસ્કૃતિક વારસો (કલા અને સાહિત્ય) (Cultural Heritage of Gujarat (Art and Literature) | ૧૦ |

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૯ | ગુજરાતી અને અંગ્રેજી (Gujarati and English) | ૨૦ |
| ૧૦ | વિજ્ઞાન, પર્યાવરણ અને ટેકનોલોજી માહિતી (Science, Environment and Information Technology) | ૨૦ |
| | **કુલ ગુણ** | **૨૦૦** |

- હેતુલક્ષી (વૈકલ્પિક) પ્રકારની લેખિત કસોટીમાં, બહુવિધ પસંદગી પ્રશ્નો (MCQ) નો સમાવેશ થશે.
- દરેક પ્રશ્ન ૧ (એક) ગુણનો રહેશે.
- અંગ્રેજી વિષય સિવાયના તમામ વિષયો માટે પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે.
- ઉમેદવારે તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.
- ખોટા જવાબ સાથે (પ્રશ્નો) જવાબ આપવાનો પ્રયાસ કરેલ હોય તેવા દરેક પ્રશ્નના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.
- દરેક પ્રશ્નમાં પ્રયાસ નહિ કરેલ (NOT ATTEMPTED) નો એક વિકલ્પ રહેશે. ઉમેદવાર જવાબ આપવા માંગતો ના હોય તો તે આ વિકલ્પ પસંદ કરી શકશે. ઉમેદવાર આ વિકલ્પ પંસદ કરે તો નાકારાત્મક ગુણ આપવામાં આવશે નહિ
- અશક્ત (દિવ્યાંગ) વર્ગ સાથે સંબધિત હોય તેવા ઉમેદવારોને લાગુ પાડી શકાય તેમ પ્રશ્નપત્રના દરેક કલાક માટે કલાક દીઠ ૨૦ મિનીટનો વધારાનો સમય આપી શકાશે.
- ઉમેદવારે પ્રશ્નમાં આપેલા વિકલ્પો પૈકીનો કોઇપણ એક વિકલ્પ પસંદ કર્યો ન હોય, તો તેના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

## APPENDIX-E

***(See rule 3 (3) (4))***

The Statement showing the number of vacancies for the post of Office Assistant, Class III / Junior Clerk, which may accruing during next recruitment year in the Department of the Secretariat./District Collector

| Sr. No. | Name of the Secretariat Department | Name of the post and pay scale | Anticipated Vacancies | | | Total No. of anticipated vacancies (Column 4+5+6) | Breakup of the total No. of vacancies (column 7) into General and reserved categories of posts. | | | | | No. of vacancies to be reserved from the total No. of vacancies (column 7) as per rules for | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | No. of Actual vacant posts | No. of posts likely to be created during the recruitment year | No. of posts which may fall vacant due to retirement promotion, resignation, etc. | | General | EWS | SC | ST | SEBC | Women | | | | | Physically Handicapped Disabled persons | Ex-Servicemen |
| | | | | | | | | | | | | General | EWS | SC | ST | SEBC | | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 |
| | | | | | | | | | | | | | | | | | | |

## Appendix – F:

**(Rule 6 (2) , 7, 14 (1))**

1. Scheme for Common Preliminary Examination for all Cadres

**150 Marks** **Time: 2 Hours**

| Sr. No. | Topic | Marks |
|---|---|---|
| 1 | Guajarati | 15 |
| 2 | English | 15 |
| 3 | General Awareness and Current Affairs | 30 |
| 4 | Quantitative Aptitude | 30 |
| 5 | Reasoning | 60 |
| **Total** | | **150** |

2. The objective type Elimination Test shall consist of Multiple Choice Question (MCQs).
3. Every question shall be of 1 mark.
4. The medium of examination shall be Gujarati for all topics except the topic on English.
5. The candidate shall have to attempt all questions.
6. Every attempted question with incorrect answer shall carry a negative mark of 0.25.
7. In every question there shall be one option of “Not attempted”. If the candidate does not intend to answer, he may select this option. If the candidate selects this option, the negative marks shall not be given.
8. The Candidate who belongs to a person with Disability Category may be allowed a Compensatory time of twenty minutes per hour for each hour of paper as may be applicable.
9. If the candidate has not selected any of the option given in the question, then it shall carry a negative mark of 0.25.
10. The Detailed syllabus for each topic shall be such as may be prescribed and notified by the Board.

**Appendix – G:**

**(Rule 6 (2) , 7, 14 (3)**

(1) The Scheme and Subjects of Main Examination for the Posts termed as Group A in Rule 6 shall consist of the following Papers:

| Paper No. | Subject | Marks | Duration |
|---|---|---|---|
| I | Gujarati Language Skill. | 100 | 3 Hours |
| II | English Language Skill. | 100 | 3 Hours |
| III | General Studies. | 150 | 3 Hours |
| | **Total Marks** | **350** | - |

Note:

1. The Standard of Gujarati Paper shall be equivalent to Gujarati subjects (higher level) of Twelfth standard of Gujarat Secondary and Higher Secondary Education Board.
2. The Standard of English Paper shall be equivalent to English subjects (higher level) of Twelfth standard of Gujarat Secondary and Higher Secondary Education Board.
3. The detailed syllabus for each paper shall be as specified in Appendix-H by the Board or by the Government.
4. The Question Papers for the main examination shall be of Descriptive Type.
5. The Candidate who belongs to person with disability category may be allowed a Compensatory time of twenty minutes per hour for each hour paper as may be applicable.

(2) The scheme and subjects of Main Examination for the Posts termed as Group-B in Rule 6, shall consist of the following Paper:

**200 Marks** **Time: 2 Hours**

| | | |
|---|---|---|
| 1 | Indian State System and Constitution | 20 |
| 2 | Indian Economy, State Economy, NITI Aayog | 20 |
| 3 | Public Administration and Governance | 20 |
| 4 | Discipline and Ethics in Public Service | 10 |
| 5 | Information on various government Schemes | 30 |
| 6 | Regional, National and International Important Events including Current Affairs | 30 |
| 7 | History and Geography of Gujarat | 20 |
| 8 | Cultural Heritage of Gujarat (Art and Literature) | 10 |
| 9 | Gujarati and English | 20 |
| 10 | Science, Environment and Information Technology | 20 |
| | **Total** | **200** |

Note:

1. The objective type Preliminary Examination shall consist of Multiple Choice Questions (MCQs).
2. The medium of examination shall be Gujarati for all topics except the topic on English.
3. Every question shall be of 1 mark.
4. The candidate shall have to attempt all questions.
5. Every attempted question with incorrect answer shall carry a negative mark of 0.25.

**(૧૧) લઘુતમ લાયકી ધોરણ**

પ્રારંભિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં મેળવેલ ગુણનું ન્યુનતમ ગુણવત્તા ધોરણ ૪૦ % રાખવામાં આવેલ છે. ઉમેદવારે પ્રત્યેક તબ્બકાની પરીક્ષામાં લઘુતમ લાયકી ગુણવત્તાનું ધોરણ ૪૦ % માર્ક્સ નિયત કરવામાં આવેલ છે. તેમાં કોઈ પણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦% માર્ક્સ કરતા ઓછું ન્યુનતમ ગુણવત્તા ધોરણ (Qualifying Standard) કોઈ પણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહીં.

**(૧૨) પગાર ધોરણ**

નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૧૬ ના તથા તા. ૨૯/૦૪/૨૦૧૦ અને તા. ૦૬/૧૦/૨૦૧૧, તા. ૨૦/૧૦/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-૩-૧ તેમજ તા. ૨૦/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક ખરચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-૨)-ઝ, તથા છેલ્લે નાણાં વિભાગના તા. ૧૫/૧૦/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-૪)-ઝ-૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ માટે ફિક્સ પગારથી નિમણુંક અપાશે. તેમજ ઉક્ત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે. તદ્ઉપરાંત સામાન્ય વહીવટી વિભાગના તા. ૨૩/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક સીઆરઆર-૧૧-૨૦૧૫-૩૧૨૯૧૧-ગ. ૫ અને નાણા વિભાગના તા. ૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક ખરચ/૨૦૦૨-૫૭(પાર્ટ-૩)/ઝ-૧ તા. ૧૮/૦૧/૨૦૧૭ તથા ૧૮/૧૦/૨૦૨૩ માં દર્શાવેલી બોલીઓ અને શરતોને આધીન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેલી સંબધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણુંક મેળવવાને પાત્ર થશે. તેમ છતા આ બાબતે નામદાર સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ SLP No. ૧૪૧૨૪/૨૦૧૨ અને SLP No. ૧૪૧૨૫/૨૦૧૨ ના આખરી ચુકાદાને આધીન રહેશે.

| ક્રમ | સંવર્ગ (વર્ગ-૩) | પ્રથમ પાંચ વર્ષ સુધી મળનાર ફિક્સ પગાર |
|---|---|---|
| ૧ | જુનીયર ક્લાર્ક (દિવ્યાંગ) | રૂ. ૨૬૦૦૦/- |

**(૧૩) પસંદગી યાદી તૈયાર કરવાની પધ્દ્તિ:**

(૧) ઉમેદવારોએ પ્રથમ તબ્બકાની પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે જુનિયર ક્લાર્ક (ગ્રુપ-B) માટેની મુખ્ય પરીક્ષા માટે દિવ્યાંગની તમામ કેટેગરીના લાયક ઉમેદવારોની યાદી તૈયાર કરી કોલેજની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે. ભરતી થતી જગ્યાના સાત ગણ ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરાવવામાં આવશે.

(૨) NOC અનુસાર સ્પર્ધાત્મક પરીક્ષામાં લઘુત્તમ લાયકી ધરાવતા ઉમેદવારને A-કેટેગરીના દિવ્યાંગ ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે જો A-કેટેગરીના દિવ્યાંગ ઉમેદવારની અરજી ના આવે અથવા સ્પર્ધાત્મક પરીક્ષામાં લઘુત્તમ લાયકી ધરાવતા A-કેટેગરીના દિવ્યાંગ ના મળે તેવા કિસ્સામાં કેટેગરી – B, C, D & E ધરાવતા યોગ્ય અને લાયક દિવ્યાંગ ઉમેદવારને મેરીટના આધારે નિયમાનુસાર પસંદગી આપવામાં આવશે.

**(૧૪) સામાન્ય સૂચનાઓ**

(૧) ઉમેદવારે અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબ્બકે "રદ" ગણવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં જે ફોટો રજુ કરે છે તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરી પત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે)

(૩) ઉમેદવારે અરજી પત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ રાખવો. અરજી પત્રકમાં દર્શાવેલ મોબાઇલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી જાળવી રાખવો આપના હિતમાં છે.

(૪) ભરતી સંબધિત તમામ સૂચનાઓ કોલેજની વેબસાઈટ ઉપર મુકવામાં આવશે. કોલેજની વેબસાઈટ અચૂકથી જોતા રહેવું.

(૫) ઉમેદવારે અરજી પત્રકમાં બતાવેલી કોઈ પણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતી, અનુભવ વગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબ્બકે ચકાસણી દરમિયાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી મંડળ “રદ” કરી શકશે. તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણુંક થયેલ હશે તો પસંદગી/નિમણુંક મંડળ/નિમણુંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈ પણ તબ્બકે “ રદ” કરવામાં આવશે.

(૬) મંડળ દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પ્રાથમિક પરીક્ષા કે મુખ્ય પરીક્ષામાં ઉતીર્ણ થવાથી ઉમેદવારને નિમણુંક માટેનો હક્ક મળી જતો નથી. નિમણુક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણુંક આપવામાં આવશે.

(૭) પસંદગી પામેલ ઉમેદવાર નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણુંક મેળવવાને પાત્ર થશે.

(૮) ઉમેદવારે પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણોસર સંબધિત જગ્યા ઉપર નિમણુંક કરવાનો દાવો કરવાને હકદાર થશે નહીં. નિમણુક કરનાર સત્તાઅધિકારીને પોતાને એવી ખાત્રી થાય કે જાહેર સેવા સારું ઉમેદવાર યોગ્ય જણાતો નથી તે તેને પડતો મુકી શકશે. નિમણુંક બાબતે તેઓનો નિર્ણય આખરી રહેશે.

(૯) ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો – ૧૯૬૭ (વખતો વખતના સુધારા સહીત) અને તે અન્વયે જે તે સવર્ગના ઘડવામાં આવેલ ભરતીના નિયમોને આધીન રહેશે.

(૧૦) આ જાહેરાત અન્વયે અર્થઘટન બાબતે જે તે સવર્ગના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની જોગવાઈ આખરી રહેશે.

(૧૧) આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઇ પણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશયકતા ઉભી થાય તો તેમ કરવાનો મંડળને સપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

(૧૨) અરજી સાથે ભરેલી રૂ. ૪૦૦/- (અંકે રૂપિયા ચારસો) પ્રોસેસિંગ ફી રીફંડ મળવા પાત્ર રહેશે નહીં.

(૧૩) ન્યાયિક કાર્યવાહી માટે ન્યાયક્ષેત્ર આણંદ પુરતું માર્યાદિત રહેશે.

**૦૩/૧૦/૨૦૨૬** **મંત્રીશ્રી**
**આણંદ** **ચરોતર એજ્યુકેશન સોસાયટી**